ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૫.૦° સે. | ૨૯.૦° સે. |
| આહવા | ૩૭.૦° સે. | ૨૬.૦° સે. |
| વલસાડ | ૩૬.૦° સે. | ૩૦.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૩૦.૦° સે. |



## આજે વલસાડ જિલ્લા પંચાયતની 'સત્તાનો તાજ' શાસકોને શિરે

વલસાડ : વલસાડમાં તાલુકા પંચાયતોના પ્રમુખ ઉપપ્રમુખોની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી સોમવારે યોજાઇ રહી છે. વલસાડ જિલ્લા પંચાયતની 36 બેઠક પૈકી 35 બેઠક ભાજપે હાંસલ કરી હતી. હવે તેના પ્રમુખની નિમણૂક થઇ રહી છે. આ ટર્મમાં પ્રમુખનું પદ ઓબીસી મહિલાનું છે. જેના માટે કોસંબા બેઠક પરથી બિનહરીફ જીતેલા હેતલબેન જીતેશભાઇ પટેલે ફોર્મ ભર્યું છે જ્યારે ઉપપ્રમુખ માટે શૈલેષભાઇ પટેલે ફોર્મ ભર્યું છે. જેમની સત્તાવાર નિમણૂક સોમવારે મળનારી સામાન્ય સભામાં થશે.

## ડાંગનાં સુબીર તાલુકા પંચાયત પર ભાજપનો કબજો નિશ્ચિત

**પ્રમુખ** પદે સંજયભાઈ પવાર અને ઉપપ્રમુખ પદે રઘુનાથભાઈ સાવળેને મેન્ડેટ

સાપુતારા: ડાંગ જિલ્લા પંચાયતમાં ભાજપના કદાવર નેતા રાજેશભાઈ ગામીત પ્રમુખ પદે વરાયા બાદ હવે સુબીર તાલુકા પંચાયતમાં પણ ભાજપે પોતાની સત્તા યથાવત રાખવા માટે કમર કસી છે. ગુજરાત ભાજપ પ્રદેશ સંગઠન દ્વારા સુબીર તાલુકા પંચા યતના પ્રમુખ પદ માટે સંજયભાઈ જયરામભાઈ પવાર તથા ઉપપ્રમુખ પદ માટે રઘુનાથભાઈ કાશુભાઈ સાવળેને મેન્ડેટ આપવામાં આવતા ભાજપ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. બહુમતીના આંકડાના આધારે સુબીર તાલુકા પંચાયતનો તાજ ફરી ભાજપના શિરે જ રહેશે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં તેજ બની છે.

વઘઈ તાલુકા પંચાયતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે 8-8 બેઠકો આવતા ટાઈની સાથે ટક્કરની સ્થિતિ સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. જ્યારે આહવા તાલુકા પંચાયતમાં ભાજપને માત્ર 7 બેઠક મળી હતી અને કોંગ્રેસે 9 બેઠક કબજે કરતાં રાજકીય સમીકરણોમાં ગરમાવો આવ્યો છે. સ્થાનિક સ્તરે ભાજપ સંગઠન તેમજ ડાંગ ધારાસભ્ય વિજય પટેલની વહીવટી અને રાજકીય કાર્યશૈલી સામે પણ અનેક સવાલો ઊભા થઈ રહ્યા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. સુબીર તાલુકા પંચાયત ખાતે પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે મેન્ડેટ જાહેર થતાં ભાજપ કાર્યકરો દ્વારા મીઠાઈ વહેંચી ઉજવણી કરવામાં આવી હતી. સુબીર તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખનાં નામોની સત્તાવાર જા હેરાત વરણી બાદ આવતીકાલે કરવામાં આવશે.

### નાનાપોંઢા તાલુકામાં પ્રમુખ-ઉપપ્રમુખ પદે બિનહરિફ વરણી



વલસાડ: થોડા મહિનાઓ અગાઉ અસ્તિત્વમાં આવેલા નાનાપોંઢા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપે બહુમત મેળવ્યા બાદ પ્રથમ પ્રમુખ બનવાનું બહુમાન કોઠાર બેઠકના સભ્ય મનીષાબેન વિજયભાઈ પટેલે મેળવ્યું છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે તુષારભાઇ અમરતભાઈ પટેલની વરણી કરાઈ હતી. પંચાયતમાં ભાજપ તરફે કે વિરોધ પક્ષ દ્વારા કોઈ દાવેદારી નોંધાવવામાં ન આવતા બંને હોદ્દેદારોને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી વિશેષ હાજર રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, તાલુકા પંચાયતમાં આગામી અઢી વર્ષ માટે પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી જિલ્લા ખેતીવાડી અધિકારી અરુણભાઈ ગરાસિયાની ઉપસ્થિતિ વચ્ચે યોજાઈ હતી. નોંધનીય છેકે તાલુકાની 20 બેઠક પૈકી 18 ભાજપે અને 2 બેઠક કોંગ્રેસે કબજે કરી હતી. હોદ્દો ગ્રહણ કર્યા બાદ બંને ઉમેદવારોના સમર્થકોએ ડી.જે.સાથે ફટાકડાઓ ફોડી ભારત માતા કી જય બોલાવી વાતાવરણને ગુંજી નાખ્યું હતું. પ્રથમ વખત ચૂંટણી લડી, જીતી તાલુકા પંચાયત પ્રમુખ બનેલા મનીષાબેન પટેલે પત્રકારોને જણાવ્યું કે, તાલુકામાં આરોગ્ય, શિક્ષણ ઉપરાંત મહિલાઓના વિકાસ કાર્યોના કામોને તેઓ પ્રાથમિકતા આપશે. સાથે આવનારા સમયમાં તેઓ ટીમ નાનાપોંઢા સાથે મળી પ્રજા વચ્ચે, પ્રજા સાથે રહી નાનાપોંઢા તાલુકાને શ્રેષ્ઠ તાલુકો બનાવવા સતત કાર્યશીલ રહેશે.

### કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી



વલસાડ: કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ માટેની શનિવારે યોજાયેલી ચૂંટણીમાં પ્રમુખ તરીકે કરજૂન બેઠક ઉપરથી ચૂંટાયેલા ભરતભાઈ ગાવઠા અને ઉપપ્રમુખ તરીકે મેણધા બેઠક ઉપર વિજેતા થયેલા સીતરૂબેન ખાનીયાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભય જીતુભાઈ ચૌધરીએ આવનારા સમયમાં ટીમ કપરાડા તરીકે કામ કરી તાલુકાના સર્વાંગી વિકાસ સાથે આગળ વધીશું તેમ જણાવ્યું હતું.તાલુકા પંચાયતની ચૂંટણી પરિણામોમાં ભાજપે 22 બેઠકો પૈકી 18 બેઠકો કબજે કર્યા બાદ ભાજપે સત્તા હાંસલ કરી હતી. જે અંતર્ગત શનિવારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં પ્રમુખ તરીકે પ્રથમવાર ચૂંટાયેલા ભરતભાઈ ગાવઢાં અને ઉપપ્રમુખ તરીકે સીતરૂબેન ખાનીયાની બિનહરીફ વરણી કરાઈ હતી.

## ધરમપુર તા.પં.ના પ્રમુખ પદે શકુંતલા ચૌધરી, ઉપપ્રમુખ પદે રણજીત ચૌધરી ચૂંટાયા


આસીફ શેખ

ધરમપુર: ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખપદે ભાજપના શકુંતલા સતિષભાઇ ચૌધરી તથા ઉપપ્રમુખ પદે રણજીત બાબલુ ચૌધરી ચૂંટાઈ આવતા ભાજપના કાર્યકર્તાઓમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. સૌ પ્રથમ તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટેની યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ઉકતા બેઠક તાલુકા પંચાયતના મહિલા સભ્ય શકુંતલા સતિષભાઇ ચૌધરીને 13 અને હરીફ કોંગ્રેસના શીતલ નરેન્દ્ર ચૌધરીને 9 મત મળ્યા હતા. શકુંતલા ચૌધરી તાલુકા પંચાયતના પ્રમુખ પદે ચૂંટાયેલા જાહેર થયા હતા જ્યારે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પદ માટે ચૂંટણીમાં ભાજપનાં રણજીત ચૌધરીને 13 અને કોંગ્રેસના ચૈતાબેન બારીયાને 9 મત મળતા રણજીત ચૌધરી 4 મતેથી ઉપપ્રમુખ પદે ચૂંટાયેલા જાહેર થયા હતાં. પ્રમુખ તથા ઉપપ્રમુખ પદની યોજાયેલી ચૂંટણીમાં ભાજપના 13 જેટલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પરંતુ કોંગ્રેસના બોપી સીટના તાલુકા પંચાયતના સભ્ય નિર્મણા ગવલી આશ્ચર્યજનક રીતે ગેરહાજર રહ્યા હતા. તાલુકા પંચાયતની નાની ઢોલડુંગરીના અપક્ષ સભ્ય સુનિતા કલ્પેશ પટેલે તાલુકા પંચાયતની પ્રમુખ પદ તથા ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણીથી અળગા રહ્યા હતાં.

### ઉનાઈ/બારતાડ ચેકડેમમાં નાહવા પડેલા બે મિત્ર પૈકી એકનું ડૂબી જતાં મોત

વાંસદા: મહુવા તાલુકાના બે મિત્ર વાંસદા તાલુકાના ઉનાઈ/બારતાડ ગામેથી પસાર થતી અંબિકા નદીના ચેક ડેમમાં નાહવા માટે ગયા હતા, જેમાંથી એકનું ચેકડેમના પાણીમાં ડૂબી જતાં મોતની નીપજ્યું હતું. અંબિકા તાલુકા (મહુવા) કઢૈયા, સરદાર ફળિયા ખાતે રહેતો ૨૦ વર્ષીય યુવાન પ્રાજલકુમાર ચેતનભાઈ પટેલ જે તેમના મિત્ર કૃષાગ (રહે., બીલખડી, તા.મહુવા, જિ.સુરત) સાથે પદમ ડુંગરી ખાતે રહેતા અન્ય મિત્ર ભાવીલભાઇને મળવા માટે ગયા હતા. ત્યાંથી પ્રાજલ અને કૃષાગ ઉનાઇ /બારતાડ ગામે ઝાડી ફળિયા ખાતે આવેલા રામજી મંદિર પાસે અંબિકા નદીના ચેકડેમમાં નાહવા માટે ગયા હતા. જ્યાં પ્રાજલ પટેલનું પાણીમાં ડૂબી જતાં મોત નીપજ્યું હતું. વાંસદા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## ખનનનો ખેલ કે તંત્રની નિષ્ફળતા?

**પડઘાથી** આમડપોર સુધી કરોડોની માટી ઉલેચાણ મામલે ઉઠ્યા ગંભીર સવાલો

**ગૌચર** જમીન, કન્ડિશનલ રોયલ્ટી અને માપણી પ્રક્રિયા ફરી વિવાદના કેન્દ્રમાં

**હવે** જિલ્લા કલેક્ટરની સીધી દેખરેખ હેઠળ નિષ્પક્ષ તપાસની ઉઠી જોરદાર માંગ



નવસારી: નવસારી જિલ્લામાં એક પછી એક સામે આવતા ખનન સંબંધિત પ્રકરણોએ હવે સમગ્ર વહીવટી તંત્રને મુશ્કેલીમાં મૂકી દીધું છે. પડઘા તળાવમાંથી કરોડોની માટી ઉલેચાઈ હોવાના ગંભીર આક્ષેપો બાદ મામલો જિલ્લા સંકલન સમિતિ સુધી પહોંચ્યો હતો. ડ્રોન સર્વે અને અન્ય પુરાવાઓ રજૂ થયા હોવાની ચર્ચાઓ છતાં આજ દિન સુધી સમગ્ર મામલે કોણ જવાબદાર છે, કેટલી ગેરરીતિ સામે આવી અને શું કાર્યવાહી હાથ ધરાઈ તેની સ્પષ્ટ માહિતી જાહેર થઈ નથી. જેના કારણે લોકોમાં અનેક સવાલો અને અસંતોષ વધી રહ્યો છે. બીજી તરફ આમડપોર ગામની સરકારી ગૌચર જમીન અને પૂર્ણા નદી પટમાંથી ચાલી રહેલા ગેરકાયદે ખનન મામલે જિલ્લા કલેક્ટરે સીધી કાર્યવાહી કરતાં અંદાજે 15 ડમ્પર અને 5 ફોકલેન્ડ મશીન જપ્ત કરાયા હતા. આ ઘટનાએ જિલ્લામાં ખનન પ્રવૃત્તિઓ, દેખરેખ અને મંજૂરી પ્રક્રિયા સામે ફરી ગંભીર ચર્ચા જગાવી છે. જોકે સમગ્ર મામલે આગળની તપાસ ફરી ખાણ-ખનીજ વિભાગને સોંપાતા હવે લોકોમાં શંકા વધુ ઘેરી બની રહી છે.

આમડપોર ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા એક વર્ષથી વધુ સમયથી લેખિત રજૂઆતો કરી ગૌચર જમીનમાં ખનન થતું હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી. તેમ છતાં જરૂરી તપાસ, ડીઆઈએલઆર માપણી, મંજૂર નકશા અને પરવાનગી પ્રક્રિયા યોગ્ય રીતે હાથ ધરાઈ હતી કે નહીં તે મુદ્દે હવે પ્રશ્નો ઊભા થયા છે. ખાસ કરીને કન્ડિશનલ રોયલ્ટી કયા આધારે ઈસ્યુ કરવામાં આવી અને તેમાં નિયમોનું પાલન થયું હતું કે નહીં તે મુદ્દે પણ ચર્ચા તેજ બની છે. સ્થાનિકોમાં હવે એવી લાગણી મજબૂત બની રહી છે કે ખનનના નામે ક્યાંક મોટું ગોટાળું ચાલી રહ્યું છે. નાગરિકો હવે સમગ્ર મામલે જિલ્લા કલેક્ટરની સીધી દેખરેખ હેઠળ પારદર્શક અને નિષ્પક્ષ તપાસ થાય તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.

## ખેરગામમાં મહિલાની લાજ લેવાનો પ્રયાસ, બચકું ભરતા માસ્કધારી ભાગ્યો

**પાણી** ભરી રહેલી મહિલાનું મોં દબાવી ખેંચી જતાં મહિલાએ પ્રતિકાર કરતાં નરાધમ ભાગી ગયો

ખેરગામ: ખેરગામના એક ગામમાં રાત્રિના સમયે પોતાના ઘરની પાછળ રસોઈ માટે પાણી ભરી રહેલી એક મહિલાની લાજ લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલે ખેરગામ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યાં છે.

મળતી વિગતો મુજબ, ખેરગામના એક ગામમાં ગત તા.૧૬/૦૫/૨૦૨૬ના રોજ બેનાબેન (નામ બદલ્યું છે) પોતાના ઘરની પાછળ આવેલા નળમાંથી રસોઈ બનાવવા માટે તપેલીમાં પાણી ભરી રહ્યાં હતાં. દરમિયાન અચાનક પાછળથી એક અજાણ્યો શખ્સ ધસી આવ્યો હતો. આ શખ્સે મહિલાની લાજ લેવાના ઈરાદાથી જબરજસ્તીપૂર્વક એક હાથથી તેમનું મોઢું દબાવી દીધું હતું અને બીજા હાથે ગળું પકડીને તેમને ઊંચકીને ખેંચી જવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, મહિલાએ હિંમત ન હારતા પોતાના બચાવમાં આરોપીના હાથ પર જોરથી બચકું ભરી લીધું હતું. મહિલાએ પ્રતિકાર કરતાં ગભરાયેલો અજાણ્યો શખ્સ મહિલાને છોડીને અંધારાનો લાભ લઈ ઘટના સ્થળેથી ભાગી છૂટ્યો હતો. આ ચકચારી ઘટના અંગે ખેરગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે અજાણ્યો મધ્યમ બાંધાનો અને ઊંચો છે, જેના જમણા હાથ પર ટેટૂ ત્રોફાવેલું છે. ઘટના સમયે તેણે કાળા કલરનું શર્ટ, સફેદ બૂટ અને મોઢા પર કાળા કલરનું માસ્ક પહેરેલું હતું. ખેરગામ પોલીસે ગુનાવાળી જગ્યાની મુલાકાત લઈ કાર્યવાહી હાથ ધરી છે અને આ અજાણ્યા શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

## નવસારી રિંગ રોડ પર પાણીની લાઈનમાં ભંગાણથી પાણી-પાણી



નવસારી: નવસારી શહેરમાં ચાલી રહેલા વિકાસ કામો દરમિયાન વધુ એક બેદરકારી સામે આવી છે. રિંગ રોડ ચાર રસ્તા નજીક જેસીબી દ્વારા ખોદકામ દરમિયાન પાણીની મુખ્ય લાઈનને નુકસાન પહોંચતા હજારો લિટર પાણી રસ્તા પર વહી ગયું હતું. ઘટનાને કારણે થોડા સમય માટે સમગ્ર વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ હતી. રસ્તા પર પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલી પડી હતી તેમજ ટ્રાફિક વ્યવસ્થા પણ ખોરવાઈ હતી. સ્થાનિકોમાં હવે મનપાની કામગીરી સામે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે વિકાસના કામો શરૂ કરતાં પહેલાં જરૂરી આયોજન અને તકેદારી રાખવામાં આવતી નથી, જેના કારણે સરકારી સંપત્તિ અને પાણીનો બેફામ વેડફાટ થઈ રહ્યો છે.

### ભીલાડ નજીક કારે ટક્કર મારતા પેસેન્જર ભરેલો ટેમ્પો પલટી મારી ગયો

ઉમરગામ: ભીલાડ નજીક નંદીગામ હાઈવે પર ઈકોની ટક્કરથી પેસેન્જર ભરેલો પિકઅપ પલટી મારી ગયો હતો. આ અકસ્માતમાં નવેક જણાને નાની મોટી ઈજા પહોંચી હતી. ઉમરગામ તાલુકાના ડેહલી ગામે ગોરતપાડામાં રહેતા ફરિયાદી નગીનભાઈ રામજીભાઈ રૂપાલાની માસીની દીકરી (બહેન) ના આમગામમાં લગ્નમાં જવા શનિવારના રોજ રાત્રે સાડા આઠેક વાગ્યાના સુમારે પિકઅપ ગાડી ભાડે કરીને તેઓ ઘરેથી નીકળ્યા હતા. ડ્રાઈવર સહિત ટેમ્પોમાં પુરુષ, મહિલા તથા બાળકો મળીને 15થી 20 જણા બેઠા હતા. તે વખતે ભીલાડથી થોડે દૂર નંદીગામ પટેલ પાડા સામે મુંબઈથી ભીલાડ તરફ આવી રહેલી એક ઈકો કારના ચાલકે પિકઅપ ગાડી સાથે એકસીડન્ટ કરતાં પેસેન્જર ભરેલો પિકઅપ રોડ ઉપર પલટી મારી ગયો હતો અને પિકઅપમાં સવાર આશરે નવેક જણાને ઈજા પહોંચતા નજીકની હોસ્પિટલોમાં ખેસડાયા હતા. ભીલાડ પોલીસે ઈકોના ચાલક ગુલાબ ધાંગડા (રહે., કોંગીલ પાડા ઝરોલી ,તાલુકા ઉમરગામ) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## પારડીના ડુંગરી ગામમાં બંધ મકાનમાંથી રૂ.9 લાખની ચોરી


અમૃત પટેલ

**કબાટમાંથી** સોનાના દાગીના ચોરી કરી તસ્કરો ફરાર

પારડી: પારડી તાલુકાના ડુંગરી ગામમાં કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ઘરના દરવાજાનું તાળું તોડી પ્રવેશ કરી ઘરમાં મુકેલા સોનાના દાગીના અને રોકડ મળી 9 લાખ રૂપિયાથી વધુની ચોરી કરી જતાં પારડી પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ છે. ડુંગરી ગામના બેરવાડ ફળિયામાં રહેતા પન્નાબેન જયેશભાઈ પટેલના ઘરનો મુખ્ય દરવાજાનો લોક કોઈ સાધન વડે તોડી ઘરના અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરના અંદર બેડરૂમમાં મુકેલા લોખંડના પતરાના કબાટના લોકરનું લોક અને સેટ્ટી પલંગના ડ્રોવરનો લોક કોઈ સાધન વડે તોડી અંદર મુકેલા સોનાનો મંગળસૂત્ર જેનું વજન ચાર તોલા, સોનાની ચેન ચાર તોલા, સોનાની બુટ્ટી જોડ એક અઢી ગ્રામ, સોનાની બુટ્ટી જોડ એક 3 ગ્રામ, મહિલા મંડળના રોકડ રૂપિયા 50,000, સોનાનું મંગળસૂત્ર જેનું વજન 9 તોલા સોનાની બુટ્ટી જોડે એક બે તોલા સોનાના પેન્ડલ નંગ પાંચ, રોકડા રૂપિયા 30,000 મળી કુલ રૂ.9,0,2000 ની કિંમતની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. પારડી પોલીસમથકમાં પન્નાબેને ફરિયાદ આપતા પારડી પોલીસે ગુનો દાખલ કર્યો હતો અને તાત્કાલિક પારડી પોલીસી ઈન્સ્પેક્ટર વાય.બી.ગોહિલ અને એમની ટીમ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ધરમપુર બિલપુડી ચોકડી પાસે ઝાડ ધરાશાયી

ધરમપુર: ધરમપુરના બિલપુડી ચોકડી નજીક અચાનક એક મોટું ઝાડ ધરાશાયી થયું હતું. તે સમયે રોડ પરથી મારૂતિ કાર પસાર થઈ રહી હતી, તે બચી જવા પામી હતી. સદનસીબે કારમાં સવાર લોકો તેમજ નજીકથી પસાર થતી અન્ય ગાડીઓ મોટી દુર્ઘટનાથી બચી ગયા હતા. ઝાડ ધરાશાયી થતાં વીજ કેબલ અને થાંભલો પણ રોડ પર પડી જતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક લોકો ઘટનાને લઈ ભગવાનનો આભાર માનતા જોવા મળ્યા હતા કે મોટી જાનહાનિ ટળી ગઈ. ઘટનાની જાણ થતાં જ જીઈબીની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને સુરક્ષાની કામગીરી હાથ ધરી હતી.

### વાપીમાં લાકડાના ડંડા, છરી લઈને ફરતા 3 સામે કાર્યાવહી

વાપી: વાપી ઉદ્યોગનગર પોલીસે વાપી જીઆઈડીસી સ્થિત તુલસી હોટલ પાસે હાથમાં ડંડો લઈને જઈ રહેલા ઈસમનું નામઠામ પૂછતા મનિષકુમાર સુનિલલાલ સીંગ (ઉં.33, રહે., ભાનુશાલી એપાર્ટમેન્ટ, ચણોદ-વાપી, મૂળ બિહાર), જયારે વાપી હરિયાણા ધાબા સામે, માર્ગ પરથી રાજકુમાર રાજુપ્રસાદ ગુપ્તા (ઉં.વ.26, રહે., ડુંગરી ફળિયા, વાપી) પાસેથી ડંડો મળી આવ્યો હતો. જ્યારે વાપી નજીકના ચણોદ ગામ, સાગ ફળિયા, નીલકંઠ સોસાયટીમાં દ્વારકા ઈલાઈટ સોસાયટીમાં રહેતો અને મૂળ યુપી લક્ષ્મણ અશોક શ્રીવાસ્તવ મેન્ટેઈનન્સની સ્લીપ જોઈએ છે જણાવી ઝઘડો અને બોલાચાલી કરતો હતો અને તેના કમરના ભાગેથી છરો મળી આવ્યો હતો. જે બાબતે પોલીસ પૂછતાછમાં કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. તમામ સામે જાહેરનામા ભંગ બદલ વાપી ઉદ્યોગનગર પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો હતો.

### કંનાડું ફાટક પાસે દારૂ ભરેલી કાર ઝડપાઈ

ઉમરગામ: સરીગામ પોલીસે દમણથી દારૂ ભરીને આવી રહેલી એક વાઈટ કલરની ઇકો કારને કંનાડું ફાટક પાસેથી ઝડપી પાડી હતી અને કારમાંથી દારૂનો બીયરનો જથ્થો રૂપિયા 68,640નો મળી આવ્યો હતો. પોલીસે કુલ રૂપિયા 3,23,640 નો મુદ્દામાલ કબજે લઈ કારચાલક શૈલેષ પ્રકાશ હળપતિ (ઉં.વ.44, રહે., નામલા પારડી મોટી દમણ)ની અટક કરી હતી. માલ મંગાવનાર નીતિન માછી (રહે., ખતલવાડ)ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### પારડી પરિયા ગામે કદાવર દીપડો કેમેરામાં કેદ


અમૃત પટેલ

પારડી: પારડીના પરિયા પેટ્રોલ પંપથી બરવાડી ફળિયા તરફ જતાં રસ્તા પર કદાવર દીપડો ચીકુવાડીમાંથી નીકળી રોડ ક્રોસ કરી જતાં સમયે કેતન છીબુની વાડી તરફ જતો જોવા મળ્યો હતો. આ દીપડાને ત્યાંના સ્થાનિક રહેવાસી દિલીપ રમેશભાઈ પટેલના પરિવારજનોને વહેલી સવારે દેખાતા કેમેરામાં કેદ કર્યો હતો. પારડી શહેરથી માત્ર 6 કિમીના અંતરે દિપડો શહેર તરફ આવતા લોકોમાં ભયનું મોજું ફરી વળ્યું છે. ગામના સરપંચ અને અગ્રણીઓએ વન વિભાગને દીપડાને પાંજરે પુરવા જાણ કરી છે.

### રજિસ્ટ્રેશન વિના દરિયામાં મચ્છીમારી કરવા ગયેલા બે ખલાસી સામે કાર્યવાહી

બીલીમોરા: કકવાડી છેલ્લા ફળિયાના રહીશ નિકી નરોત્તમભાઈ ટંડેલ (ઉં.વ.૨૭)ની કુળદેવીમાં બોટ નં. (IND.GJ.15.MM.2527) દરિયામાં મચ્છીમારી કરવા જવા માટે ૧૧ ખલાસીનું રજિસ્ટ્રેશન કરાવીને ગયા હતા, તપાસમાં 1નું રજિસ્ટ્રેશન ન થયું હોય ધોલાઈ મરીન પોલીસે નિકી નરોત્તમભાઈ ટંડેલ સામે કાર્યવાહી હાથ ધરી હતી. અન્ય બીજા બનાવમાં પણ ધોલાઈ લેન્ડિંગ પોઇન્ટ ઉપર વલસાડ જિલ્લાના કોસંબા ગામે રહેતા રાજેશ મણિલાલ ટંડેલ (ઉં.વ.45) ની હીરાવતી બોટ નંબર (IND.GJ.15.MM.3839) દરિયામાં મચ્છીમારી કરવા જવા માટે ૧૧ ખલાસીમાંથી એકનું રજિસ્ટ્રેશન કરાવ્યું ન હોય પોલીસે તેમની સામે કાયદેસર પગલાં લીધા હતા.

### બીલીમોરા પ્રવેશદ્વાર કોલેજ નજીક દોડતી ક્રેઈનનો આગળનો ભાગ તૂટી પડ્યો


કેરસી બારીયા

બીલીમોરા: બીલીમોરા પ્રવેશદ્વાર કોલેજ નજીક ગૌરવપથ ઉપર રવિવારે ઢળતી સાંજે એક દોડતી ક્રેઈન અચાનક કોઈક ખામી સર્જાતા માર્ગ ઉપર ધરાશાયી થઈ જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ક્રેઈન ચાલક ચીખલી તરફ જઈ રહ્યો હતો ત્યારે અચાનક ક્રેઈનનો આગળનો ઊંચો ભાગ તૂટી પડતાં વાહન રસ્તા વચ્ચે ખોટકાયું હતું. દુર્ઘટનાના સમયે માર્ગ ઉપર વાહનવ્યવહાર ચાલુ હોવા છતાં સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી. ઘટનાને પગલે થોડા સમય માટે ટ્રાફિક જામ જેવી સ્થિતિ ઊભી થઈ હતી.

## ટ્રક કારને ઘસડી જતાં ચીસાચીસ મચી

**માલેગામ** ટોલ બુથ નજીક ટ્રકે પહેલાં ટ્રેક્ટરને અડફેટે લીધા બાદ કાર સાથે અથડાઈ

**કારમાં** સવાર ઓલપાડના પરિવારનો આબાદ બચાવ, 9ને ઈજા



ગિરીશ ભોયે

સાપુતારા: સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા માલેગામ ટોલ બુથ નજીક આજે સિમેન્ટના પતરાનો જથ્થો ભરેલી એક ટ્રકે ટ્રેક્ટર અને કારને અડફેટમાં લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કુલ 9ને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

મહારાષ્ટ્રના નાસિક તરફથી સિમેન્ટના પતરાનો જથ્થો ભરી વાંસદા તરફ જઈ રહેલી ટ્રક (નં. MH 12 TV 8917)નો ચાલક માલેગામ ટોલ બુથ નજીકથી પસાર થતી વખતે ગામમાંથી માટી ભરી જઈ રહેલા ટ્રેક્ટર (નં. GJ 30 A 5452)ને અડફેટમાં લીધો હતો. આ બાદ ટ્રક બેકાબૂ બની સામે તરફથી આવી રહેલી સુરત જિલ્લાનાં ઓલપાડના પ્રવાસીઓ સવાર કાર (નં. GJ 16 FB 0478) સાથે અથડાઈ હતી. ટ્રકે કારને ટક્કર મારી દૂર સુધી ઘસડી જતાં કારમાં સવાર એક જ પરિવારનાં સભ્યોનો જીવ અધ્ધર થઈ ગયા હતા અને બૂમાબૂમ કરી મૂકી હતી. આ બનાવમાં ટ્રેક્ટર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે કારમાં સવાર 6, ઉપરાંત ટ્રકના ડ્રાઈવર અને ક્લીનરને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. બાદમાં તમામ ઈજાગ્રસ્તોને શામગહાન સીએચસી ખાતે ખસેડાયા હતા. માલેગામ ટોલ પબૂથ નજીક થોડાક સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતા સાપુતારા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. સાપુતારા પોલીસની ટીમે ટ્રકચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાપી ટાઉન બજાર મુખ્ય માર્ગ વાહનો માટે બે દિવસ બંધ રહેશે

વાપી: વાપી ટાઉન બજાર મુખ્ય માર્ગ સાંકડો હોય અને દર ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા સહિત પાર્કિંગની સમસ્યા ઉદભવતી હોય છે. વાપી મનપા દ્વારા મુખ્ય માર્ગ ઉપર પ્રથમ ચોમાસા અને પીવાના પાણી માટેની લાઈનો નાંખવામાં આવી હતી. જ્યારે વાપીના મુખ્ય માર્ગની વચ્ચે ડિવાઈડર તથા સ્ટ્રીટ લાઈટો મૂકવામાં આવી હતી. આ તમામ ડિવાઈડર અને સ્ટ્રીટ લાઈટો હટાવી દેવામાં આવી છે અને માર્ગને ખોદી કાઢવામાં આવ્યો છે. વાપી ટાઉન મુખ્ય માર્ગ ઉપર આગામી તારીખ 25 અને 26 સોમવાર-મંગળવારના રોજ બે દિવસીય ડામર કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેથી બે દિવસ પૂરતો વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે. માત્ર માર્ગની બંને બાજુના ફૂટપાથ ચાલુ રહેશે. વાપી પ્રણામી મંદિર રોડ તથા વ્હોરા મસ્જીદથી મચ્છી માર્કેટનો માર્ગ વાહનચાલકો ઉપયોગ કરી શકશે.